# 9. મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

#### 1) બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો વિશે જણાવો.

- ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો નીચે મુજબ છે.
- બંધારણનું પાલન કરવું અને રાષ્ટ્રને વફાદાર રહેવું.
- બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો-ગૌરવ જાળવવું.
- સ્વાતંત્ર્યસંગ્રામના ઉદાત્ત વિચારો અને પ્રેરણાદાયી આદર્શોને માન આપવું તેમજ તેનુ પાલન કરવું.
- દેશનાં સાર્વભુમત્વ, એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવું.
- આવશ્યકતા ઉભી થાય ત્યારે દેશના રક્ષણ માટે રાષ્ટ્રસેવામાં જોડાવું.
- દેશના લોકોમાં સુમેળ રહે અને પરસ્પર બંધુત્વની ભાવનાની વૃદ્ધિ થાય એવાં કામો કરવાં.
- સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડતાં વ્યવહારોનો ત્યાગ કરવો.
- રાષ્ટ્રના સમૃદ્ધ, સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.
- કાયદાઓનું પાલન કરવું.
- કરવેરા પ્રમાણિકપણે ભરવા.
- જંગલો, નદીઓ, સરોવરો અને વન્ય જીવો સહિય પર્યાવરણનું જતન કરવું અને તેમાં સુધારો થાય એવા પ્રયત્નો કરવા. બધા જીવો પ્રત્યેદયા રાખવી.
- વૈગ્યાનિક અભિગમ અપનાવો તેમજ માનવવાદ અને સંશોધન વૃત્તિ વિકસાવવાં.
- જાહેર મિલકતોનું રક્ષણ કરવું.
- હિંસાનું આચરણ ન કરવું.
- વ્યક્તિગત તેમજ સામૂહિક પુરુષાર્થના બધાં ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા સિદ્ધ કરવા પ્રયત્નો કરવા.
- પોતાના બાળકને મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે અપાતું શિક્ષણ આપવું એ દરેક માતા-પિતાની ફરજ રહેશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્વ દર્શાવો.

- દેશના રષ્ટ્રીય જીવન અને સામજિક જીવનનાં જુદાં જુદાં નીતિવિષયક ક્ષેત્રો વિશે તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નીતિઓ નક્કી કરવમાં માર્ગદર્શક બનતા સિદ્ધતોને 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધતો' કહેવામાં આવે છે.
- દેશમાં સામજિક, આર્થિક અને રાજકિય ન્યાય પર આધારિત સમાજવ્યવસ્થા સ્થાપવી એ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મુખ્ય લક્ષ્ય છે.
- ભારત એક કલ્યાણ રાજ્ય; બને એવો આદર્શ આ સિદ્ધાંતોએ સેવ્યો છે.
- દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા માટે રાજ્ય સન્નિષ્ઠ પ્રયસો કરે એવો માર્ગદર્શક આદેશ આ સિદ્ધાંતો દ્વારા આપવામાં આવ્યો છે.
- મૂળભૂત હકો ઉપરાંત, મનુષ્યના સર્વોત્તમ વિકાસ માટે અતિ-આવશ્યક એવા અન્ય કેટલાક હકોનો સમાવેશ આ સિદ્ધતોમાં કરવામાં આવ્યો છે.
- સ્વસ્થ વિદેશનીતિના ઘડતર માટે પણ આ સિદ્ધતો પયાનાં રચનાત્મક સૂચનો કરે છે.
- આ સિદ્ધાંતોનો અમલ રાજ્ય માટે ફરજિયાત હોતો નથી. આમ છતાં, કલ્યાણ રાજ્ય અને વિશ્વશાંતિનાં ધ્યેયને વરેલી કોઈ પણ સરકારને આ સિદ્ધાંતમાંથી મળી રહે છે.
- આ સિદ્ધાંતોએ કલ્યાણકારી સમાજવાદી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવાની રૂપરેખા આપી છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભાવિ સમાજનું દર્શન રજુ કરે છે. આપણે કઈ દિશામાં જવાનું તે પ્રત્યે અંગુલીનિર્દેશ કરે છે. ભારતના બંધારણના ઘડવૈયા ડો.આંબેડકર કહે છે. 'આ સિદ્ધાંતો દેશના શાસનમાં પાયાનું મહત્વ ધરાવે છે. આપણે જે સરકારોને ચૂંટીને સત્તા સોંપીએ છીએ, એ સત્તાનો ઉપયોગ તેમણે કયા હેતુઓ માટે કરવાનો છે તેની આ સિદ્ધાંતો સતત યાદ આપે તથા અપાવે છે. આ દ્રષ્ટિએ એમનું મહત્વ જરાય ઓછું નથી.

## 3) મૂળભૂત હકોની અગત્યતા સમજાવો.

- મૂળભૂત હકો એટલે નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે મળવી જોઈતી અમુક ચોક્કસ અનુકૂળતાઓ.
- મૂળભૂત હકો એ દરેક નાગરિકની મહામુલી પૂંજે અને શક્તિ છે. તેમના દ્વારા નાગરિક સર્વાંગી પ્રગતિ અને વ્યક્તિત્વનો વિકાસ સાંધી શકે છે. સરળ, સ્વસ્થ, સમજદારીભર્યું અને સમૃદ્ધ જીવન જીવવા માટે મુળભૂત હકો અનિવાર્ય છે. નાગરિકના મૂળભૂત હકોનું રક્ષણ એ બીજી રીતે લોકશાહીનું જ રક્ષણ છે. જે સરકાર નાગરિકોને પાયાના હકો ગણાતા મૂળભૂત હકો આપે તેને લોકશાહીની સરકાર કહી શકાય. આમ, મૂળભૂત હકોમાં લોકશાહીની ભાવના રહેલી હોવાથી તેમનું અસાધરણ મહત્વ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 4) વાજબી નિયંત્રણો અને મર્યાદાઓ એટલે શું ?

- સ્વતંત્રતાના હક દ્વારા ભારતનો દરેક નાગરિક પોતના વિચારોને વાણી અને લેખન દ્વારા રજુ કરી શકે છે.
- પરંતુ કોઈ પણ નાગરિક આ હકનો અમર્યાદિત નિરંકુશપણે ઉપયોગ કરી શકે નહિ. ભારતના બંધારણે આ હક દ્વારા આપેલી સ્વતંત્રતાઓ બધા નાગરિકોએ કેટલીક મર્યાદાઓ હેઠળ ભોગવવાની હોય છે.
- ભારતનું સાર્વભૌમત્વ એકતા, અને અખંડિતતા, જાહેર શાંતિ અને સલામતિ, વિદેશો સાથે મૈત્રી ભર્યા સંબંધો, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી, હિંસક ઉશ્કેરણી વગેરે બાબતોને ધ્યાનમાં રાખી નાગરિકોની સ્વતંત્રતાઓ પર રાજ્ય કાયદા દ્વારા મર્યાદાઓ અને નિયંત્રણો મૂકી શકે છે.
- ભારતનો નાગરિક શાંતિથી અને શસ્ત્રો વિના એકઠા થવાની, જાહેર સભા ભરવાની અને સરઘસો કાઢવાની સ્વતંત્રતા ધરાવે છે. પરંતું કોઈ પણ નાગરિકને રાષ્ટ્રીય ધોરી માર્ગ અને રેલમાર્ગ પર સરઘસ કાઢવાનો અધિકાર મળતો નથી.
- નાગરિકોને મંડાળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા કેટલાંક નિયંત્રણો અમે મર્યાદાઓ હેઠળ ભોગવી શકે છે.
- બધા નાગરિકો જાહેર હિત જોખમાય નહિ એ રીતે ધંધો કે વ્યવસાય કરવાનો હક ભોગવી શકે છે. રાજ્ય ધંધો કે વ્યવસાય અને રોજગાર માટેની લાયકાતનાં ધોરણો નક્કી કરી શકે છે.

## 5) નિવારક અટકાયત (પ્રતિબંધિત અટકાયત ધારા) વિશે લખો.

- રાજ્ય સરકારને ખાતરી થાય કે એક વ્યક્તિ કોઈ ગુનાહિત કૃત્ય કે પૃવૃત્તિ કરવાની છે તો સાવચેતીનાં પગલાં તરીકે તેની નિવારક અટકાયત ધારા હેઠળ ધરપકડ કરી શકાય છે.
- નિવારક અટકાયત ધારાનો મુખ્ય હેતું અટકાયતીને તેના સંભવિત ગુનાહિત કૃત્ય માટે શિક્ષા કરવાનો નથી. પરંતુ તેને રાજ્ય, સમાજ કે કોઈ વ્યક્તિ વિરૂદ્ધ ગુનાહિત કૃત્ય કરતો અટકાવવાનો છે. આ ધારા અંવયે અટકાયતીને ત્રણ માસ કરતાં વધારે સમય સુધી અટકાયતમાં રાખી શકાતી નથી. વડી આદાલતના ન્યાયાધિશ કે સલાહકાર બોર્ડના અભિપ્રાયના આધારે અટકાયતનો હુકમ રદ કરી શકાય છે.
- અટકાયતીને કેટલા સમય સુધી અટકાયતમાં રાખવો તેનો અંતિમ નિર્ણય રાજ્ય સરકાર કરી શકે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 6) ભારતના બંધારણમાં આપેલ બંધારણીય અધિકારો જણાવો.

- ભારતના નાગરિકોને બંધારણે આ છ બંધારણીય અધિકારો – મૂળભૂત હકો – આપ્યા છે. 1. સમાનતાનો હક, 2. સ્વતંત્રતાનો હક, 3. ધાર્મિક સ્વાતંત્ર્યતાનો હક, 4. સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક, 5. શોષણના વિરોધનો હક, 6. બંધારણીય ઈલાજોનો હક.

### 7) લઘુમતિઓને બક્ષવામાં આવેલા બંધારણીય અધિકારો જણાવો.

- લઘુમતિઓને બક્ષવામાં આવેલા બંધારણિય અધિકારો નીચે મુજબ છે.
- લઘુમતી કોમો પોતાની સંસ્કૃતિ, ભાષા કે ધર્મના આધારે શિક્ષણસંસ્થાઓ સ્થાપી શકે છે તેમજ તેનું સંચાલન કરી શકે છે.
- રાજ્યસરકાર કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તેમને દરેક પ્રકારની નાણાકીય સહાય આપવા બંધાયેલી છે.
- રાજ્યસરકાર લઘુમતિ સંસ્થાઓની મિલકતોનું સંપાદન જરૂરી વળતર આપીને જ કરી શકે છે.

## 2. ટૂંકનોંધ લખો.

### 1) સમાનતાનો હક

- સમાનતા એ લોકશાહીનો પયાનો સિદ્ધાંત છે.
- સમાનતાના હક દ્વારા બધા નાગરિકોને કાયદાની સમાનતા તેમજ કાયદાનું સમાન રક્ષણ આપવામાં આવ્યું છે.
- ભારતમાં ધર્મ, વંશ, જાતિ, લિંગ, જ્ઞાતિ, ભાષા, રંગકે જન્મસ્થળના કોઈ પણ ભેદભાવ વિના દરેક નાગરિકને સમાનતાનો હક મળેલો છે.
- આ હક સરકારી નોકરેઓ, ધંધો, જાહેર રોજગાર, હોદ્દાની પ્રાપ્તિ, ધાર્મિક સ્વતંત્રતા, જાહેર સ્થળોનો ઉપયોગ, સામાજિક જીવન વગેરેની બાબતમાં દરેક નાગરિકને સમાનતા આપે છે.
- દેશની અનુસૂચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજિક દ્રષ્ટિએ પછાત મનાતા વર્ગો માટે રાજ્ય સરકાર ખાસ જોગવાઈઓ કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.
- આ વર્ગો માટે સરકરી નોકરીઓમાં તેમજ શિક્ષણસંસ્થાઓમાં અનામત બેઠકો ફાળવવામાં આવે છે.
- ભારતીય સમાજનું કલંક ગણાતી અસ્પૃષ્યતાને બંધારણે નાબૂદ કરી છે. તેથી અસ્પૃશ્યો કે અન્ય પછાત જાતિઓના લોકોને અછૂત ગણી તેમનો તિરસ્કાર કરી શકશે નહિ, અસ્પૃશ્યતાનું આચરણ સજાપાત્ર ગુનો બને છે.
- સમાજમાં કૃત્રિમ ભેદભાવ સર્જાતા ઈલકાબો અને ખિતાબો નાબૂદ કરવામાં આવ્યા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2) બંધારણીય ઈલાજોનો હક

- ભારતના બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપવામાં આવ્યો છે.
- કોઈ પણ મૂળભૂત હકનું પાલન ન થતુ હોય કે તેનો ભંગ થતો હોય તો કોઈ પણ નાગરિક એ હકના રક્ષણ માટે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલત પાસે દાદ માગી શકે છે.
- આ માટે અદાલતને હાજર હુકમ, કર્તવ્ય હુકમ, મનાઈ હુકમ વગેરે હુકમો-આદેશો બહાર પાડવાની બંધારણીય સત્તા આપવામાં આવી છે.
- આદાલતો પાસે આવેલી મૂળભૂત હકોના ભંગ બદલ આદાલતોમાં જવાનો અને એ હકોનું રક્ષણ મેળવવાનો અધિકાર આપે છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરનામત મુજબ, 'બંધારણીય ઈલાજો સંબંધી જોગવાઈ સમગ્ર 'બંધારણના આત્મા' સમાન છે.'
- અલબત્ત, જ્યારે દેશમાં કતોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી હોય ત્યારે અન્ય મૂળભૂત હકોની જેમ આ હકનો અમલ પણ મોકુફ રાખી શકાય છે.

## 3) સ્વતંત્રતાનો હક

- સ્વતાંત્રતાનો હક એ લોકશાહિનો પ્રાણ છે.
- સ્વતંત્રતાના હક વિનાની લોકશાહીની કલ્પના થઈ શકે નહિ.
- લોકશાહીના સફળ સંચાલન માટે સ્વતંત્રતા જરૂરી છે.
- દેશના પ્રત્યેક નાગરિકના વ્યક્તિત્વના સર્વોત્તમમુખી વિકાસ માટે અને અભિવ્યક્તિ કરવા માટે સ્વતંત્રતાનો હક અનિવાર્ય છે.
- વ્યક્તિ તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવી શકે એ માટે સ્વતંત્રતાઓમાં વહેંચી નાખવામાં આવ્યો છે.
- બંધારણે નિર્ધારિત કરેલ મર્યાદાઓમાં રહીને આ હક ભોગવવાની નાગરિકોને બાયંધરી આપવામાં આવી છે.
- આ હક દ્વારા નાગરિકોને આ પ્રમાણે સ્વતંત્રતાઓ આપવામાં આવી છે. 1. વિચાર, વાણી અને લેખનની સ્વતંત્રતા; 2. શાંતિપૂર્વક, શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા; 3. મંડળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા; 4. ભારતના સમગ્ર ક્ષેત્રમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા; 5. ભારતના સમગ્ર ક્ષેત્રના કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા તથા 6. કોઈ પણ વ્યવસાય, કામકાજ, વેપાર, ધંધો, અને રોજગારીની સ્વતંત્રતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 4) શોષણ સામે હક

- આ હક દ્વારા શોષણવિહીન સમાજની સ્થાપનાનો બંધારણનો ઉદ્દેશ સિદ્ધ થયો છે.
- આ હક દ્વારા દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષન સામે રક્ષણ આપવામાં આવ્યું છે.
- આ હક દ્વારા ગુલામીની પ્રથા, ફરજિયાત વેઠપ્રથા, બાળમજૂરી, લોહિનો વેપાર વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બધા પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાંઆવ્યો છે.
- કોઈ પણ વ્યક્તિ પાસે વિના વેતને કે લગુત્તમ વેતનથી ઓછા વેતને ફરજિયાત કે બળજબરીપૂર્વક કામ કરાવવું એ શિક્ષાપાત્ર ગુનો બને છે.
- આ હક મુજબ, 14 વર્ષથી નીચેની ઉન્મરના બાળકોને કારખાનાંમાં, ખાણોમાં કે અન્ય જોખમભરેલા સ્થાને નોકરીમાં રખવાની મનાઈ ફરમાવવામાં આવી છે. બાળમજૂરી કાનૂન હેઠળ આ પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.
- માલિકોના મજૂરોનું શોષણ ન કરે તે માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ હક વ્યક્તિના ગૌરવનો સ્વીકાર અને રક્ષણ કરે છે.

## 5) આર્થિક નીતિઓ સંદર્ભે માર્ગદર્શક સિદ્ધાંતો

- ભારતના તમામ નાગરિકોનું કલ્યાણ થાય એ રીતે સમાજનાં ભૌતિક સંસાધનોની સમાન વહેંચણી કરવી.
- દેશમાં ઉત્પાદન વધે અને કોઈનું શોષણ ન થાય એ માટે રાજ્યનાં ઉત્પાદનનાં સાધનો અને તેની વહેંચણી પર નિયંત્રણો મૂકવાં.
- જનકલ્યાણને અવરોધરૂપ આવતા સંપત્તિનાં કેન્દ્રીકરણને અટકાવવું. સમાન કામ માટે સ્ત્રી-પુરુષને સમાન વેતન મળે એ માટે રાજ્યે પ્રયાસ કરવા.
- સ્ત્રીઓ અને બાળમજૂરોને તેમનું આરોગ્ય જોખમાય એવાં કામમાં રોકવાં નહિ. બધા જ વર્ગના કમદારોને કામગીરીના બદલામાં યોગ્ય વેતન આપવું તથા તેમને શારીરિક અને માનસિક વિકાસની સગવડો પૂરી પાડવી. કામના સ્થળે બધા જ કામદારોનું આરોગ્ય જળવાઈ રહે એવી માનવીય પરિસ્થિતિનું સર્જન કરવું.
- સ્ત્રીઓને પ્રસુતી સમયે જરૂરી રજાઓ અને રાહત આપવાં.
- રાજ્યે નાગરિકોને માંદગી, અપંગ અવસ્થા, વૃદ્ધાવસ્થા કે અન્ય આફતો સામે વીમા યોજના, પ્રોવિડન્ટ ફંડ, ગ્રૅજ્યુઈટી, બચતયોજના, આરોગ્યગૃહો, દવાખાનાં વગેરે દ્વારા યોગ્ય રક્ષણ આપવું.
- ઉદ્યોગોના સંચાલનમાં કામદારોની હિસ્સેદારી વધે એવાં પગલાં ભરવાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આર્થિક લાચારીને કારણે બાળકોનું શોષણ ન થાય તેમજ તેઓ સ્વસ્થ અને સ્વતંત્ર રીતે ગૌરવપ્રદ સ્થિતિમાં તંદુરસ્ત વિકાસ સાધે એ માટેની જરૂરી તકો અને સવલતો ઊભી કરવા રાજ્યે ખાસ પગલા ભરવાં.
- ખેતી અને પશુપાલનનો અદ્યતન અને વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરવો. દુધાળા પશુઓ અને અન્ય પાલતુ પશુઓની કતલ ન થાય એ માટે શક્ય એટલા તમામ પ્રયત્નો કરવા.
- રાજ્યમાં બધાને એકસમાન ન્યાય મળે તેમજ આર્થિક રીતે સમર્થ ન હોય એવા લોકોને ન્યાય આપવાનો ઈન્કાર કરવામાં ન આવે. સૌને મફત કાનૂની સહાય આપવાની વ્યવસ્થા કરવી. એ માટે જરૂરી કાયદા ઘડવા.
- ખેતમજૂરોને યોગ્ય જીવનધોરણ મળી રહે, તેમને જરૂરી કામ અને આરામ મળે એ માટે રાજ્યે જરૂરી પગલા ભરવાં.

### 6) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો

- રાજ્ય ગ્રામપંચાયતોની સ્થાપના કરવા આવશ્યક પગલાં ભરશે તેમજ તેમની સત્તા અને તમના અધિકારોમાં વધારો કરશે. ગ્રામપંચાયતોના નિભાવ માટે રાજ્ય તેમને નાણાકીય મદદ કરશે.
- ન્યાયાધિશો નિષ્પક્ષ, નિર્ભિક અને નીડરતાથી ન્યાય આપી શકે એ માટે રાજ્ય તેની સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવા પગલાં ભરશે.
- આનતરરાષ્ટ્રીય શાંતિ, સલામતી અને વિકાસ માટેના દરેક પ્રયત્નમાં રાજ્ય પૂરતો સહકાર આપશે.
- બધા દેશો સાથે મૈત્રી અને ભાઈચારાના સબંધો રાખવા.
- આંતરરાષ્ટ્રીય કાયદા અને બીજા દેશો સાથેના કરારોને માન આપવું અને તેનું પાલન કરવું.
- આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનું યુદ્ધને બદલે ચર્ચાઓ અને લાવાદોના શાંતિમય માર્ગો દ્વારા નિરાકરણ થાય એ માટે પ્રયત્નો કરવાં.
- વિશ્વમાં દરેક રાષ્ટ્રનું સાર્વભૌમત્વ જળવાય અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સબંધો ગૌરવપ્રદ બને એ માટે પ્રયત્નો કરવાં.

## 3. નીચેનાં વિધાનો કારણોઆપી સમજાવો.

### 1) મૂળભૂત હકોના ભંગ સામે આદલતોનો આશરો લઈ શકાય છે.

- ભારતના બંધારણમાં દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપવામાં આવ્યો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ હક મુજબ મૂળભૂત હકોના ભંગ બદલ રક્ષણ મેળવવા સીધા જ સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં જઈ શકાય છે. સર્વોચ્ચ અદાલત મૂળભૂત હકોના રક્ષક અને વાલી તરીકે ફરજ બજાવે છે.

## 2) બંધારણીય ઈલાજોનો હક 'બંધરણના આત્મા' સમાન છે.

- ભારતના બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે.
- આ હક મુજબ, કોઈ પણ નાગરિક અદાલતો પાસેથી પોતાના મૂળભૂત હકોનું રક્ષણ મેળવી શકે છે. આથી બંધારણીય ઈલાજોના હકનું અનન્ય મહત્વ છે.
- તેથી બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબના મતે, 'બંધારણીય ઈલાજોનો હક 'બંધારણના આત્મા સમાન' છે.

## 3) સ્વતંત્રાઓ અમર્યાદિત કે નિરંકુશ હોઈ શકે નહિ.

- ભારતના બંધારણે સ્વતંત્રતાના મૂળભૂત હક દ્વારા આપેલી સ્વતંત્રતાઓ નાગરિકોએ કેટલીક મર્યાદાઓ હેઠળ ભોગવવાની હોય છે.
- આપણે સમાજમાં રહેતા હોવાથી સમાજનાં હિત અને સલામતી ધ્યાનમાં રાખવા પડે છે.
- દેશનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતા, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી, સુરુચિ અને નીતિમત્તા, હિંસક ઉશ્કેરણી વગેરે બાબતો ધ્યાનમાં રાખી નાગરિકની સ્વતંત્રતાઓ પર કાયદા દ્વારા વાજબી મર્યાદાઓ મૂકી શકાય છે. આમ, સ્વતંત્રતાઓ અમર્યાદિત કે નિરંકુશ હોઈ શકે નહિ.

## 4) રાજ્યનિતીના માર્ગદર્શક સિદ્ધંતોનો અમલ એ મૂળભૂત હકોના ઉપયોગ માટેની પૂર્વશરત છે. .

- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ સિદ્ધ કરવા માટે મૂળભૂત હકોની જેમ તેમને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભલે આ સિદ્ધંતોનો અમલ કરવા રાજ્યબંધાયેલું નથી. પરંતુ આ સિદ્ધાંતોનો અમલ કરવામાં આવે તો જ મૂળભૂત હકો સાર્થક બને. આમ, રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ એ મૂળભૂત હકોના ઉપયોગની પૂર્વશરત છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 5) માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત હકો એ એકબીજાના વિરોધી નથી બલકે એકબીજાના પૂરક છે.

- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની સત્તાને વિસ્તારે છે. જ્યારે મૂળભૂત હકો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધતો રાજ્યમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. જ્યારે મૂળભૂત હકો રાજ્યમાં રાજકીય લોકશાહી સ્થાપે છે.
- આમ, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધતો અને મૂળભૂત હકો એ એકબીજાના વિરોધી નથી બલકે એકબીજાના પૂરક છે.

## 6) શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું મુખ્ય ધ્યેય છે.

- ભારતના બંધારણમાં દેશના બધા નાગરિકોને શોષણ સામેનો મૂળભૂત હક આપવામાં આવ્યો છે. આ હક દ્વારા દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષણ સામે પૂરતુ રક્ષણ આપવામાં આવ્યું છે. બધા પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.
- 14 વર્ષથી નીચેની ઉંમરના બાળકોને શોષણમાંથી બચાવવા બાળમજૂરી નાબૂદી કાયદો ઘડવામાં આવ્યો છે. માલિકોને મજુરોનું શોષણ ન કરે એ માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.
- આમ, શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું મુખ્ય ધ્યેય છે.

## 7) હકો અને ફરજો એક સિક્કાની બે બાજુઓ છે.

- હક અને ફરજ એકબીજાનાં પૂરક છે. આપણે અમુક હકનો વિચાર કરીએ એટલે તેની સાથે સંકળાયેલલી ફરજનો વિચાર પણ કરવી જ પડે છે. ફરજ વિનાનો કોઈ હક નથી અને હક ન હોય ત્યાં ફરજ પણ હોતી નથી. એક વ્યક્તિનો હક બીજી વ્યક્તિ માટે ફરજ અચૂક બજાવવી પડે છે. એક નાગરિક પોતાનો હક ભોગવે ત્યારે બીજાના તે પ્રકારના હકો જાળવવા એ તેની ફરજ બની રહે છે. આ રસ્તાની ડાબી બાજુએ ચાલવાની આપણી ફરજ છે, તેમ બીજાને પણ એ રસ્તા પર સરળતાથી ચાલવાનો હક છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે હક વિના ફરજ નથી અને ફરજ વિના હક નથી. હક અને ફરજ એકબીજાં સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. તે બંને એક સિક્કાની બે બાજુઓ છે.

## 8) બાળમજૂરી સજાપાત્ર ગુનો બને છે.

- શોષણ વિરોધિ હકથી દરેક નાગરિકને શોષણ વિરૂદ્ધ રક્ષણ આપવામાં આવ્યું છે. આ હક દ્વારા બાળમજૂરી પર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હક મુજબ 14 વર્ષથી નીચેની

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઉંમરના બાળકોને જોખમભરેલા સ્થળોએ નોકરીઓમાં રાખવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આથી બાળમજૂરી સજાપાત્ર ગુનો બને છે.

### 9) માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી.

- રાજ્યનીતિન માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ રાજ્ય માટે ફરજીયાત હોતો નથી. એ સિદ્ધાંતનો અમલ કરવા માટે સરકારને અદાલત દ્વારા ફરજ પાડી શકાતી નથી. તેથી રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમા અમલ માટે અદાલતનો આશરો લઈ શકાતો નથી.

### 10) માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનમાં પાયારૂપ સિદ્ધાંતો છે.

- દેશમાં સામાજિક, આર્થિક અને રાજકિય ન્યાય પર આધારિત સમાજવ્યવસ્થા સ્થાપવી એ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મુખ્ય ધ્યેય છે. દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા માટે રાજ્યની સન્નિષ્ઠ પ્રયાસો કરે એવો માર્ગદર્શક આદેશ આ સિદ્ધાંતો દ્વારા આપવામાં આવ્યો છે. આ સિદ્ધાંતોએ કલ્યાણકારી સમાજરચનાનું નિર્માણ કરવાની રૂપરેખા દોરી આપી છે. સરકારે તેની સત્તાનો ઉપયોગ કયા હેતુઓ માટે કરવાનો છે. તેની આ સિદ્ધાંતો સતત યાદ આપે છે. આ દ્રષ્ટિએ તે શાસનસત્તાના આધારરૂપ સિદ્ધાંતો છે. તેથી જ ભારતના બંધારણના ઘડવેયા ડૉ. આંબેડકર કહે છે કે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનમાં પાયારૂપ સિદ્ધાંતો છે.

### 11) આર્થિક અને સામાજિક લોકશાહી વિના રાજકીય લોકશાહી અધૂરી છે.

- બંધારણના આમુખમાં સામાજિક અને આર્થિક સમાનતા તેમજ સામાજિક ન્યાય પર આધારિત સમાજવાદી સમાજરચના ધ્યેયને સ્વીકારવામાં આવ્યું છે. ભારત સરકારે આ ધ્યેય હાંસલ કરવા માટે સામાજિક કલ્યાણ સધવાનો સંકલ્પ કર્યો છે. દેશની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવી, દેશમાં સામાજિક અને આર્થિક સમાનતા સાંધવા ભારત સરકારે અને રાજ્ય સરકારોએ અનેક યોજનાઓ અમલમાં મૂકી છે.

### 12) સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું જતન થાય એ જોવાની ફરજ સૌની છે.

- આપણાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોનાં રક્ષન પરત્વે તેમજ એ સ્થળોને થઈ રહેલા નુકશાન કે નાશ પરત્વે દેશના નાગરિકોમાં જાગૃતિ અને સમાનતા કેળવવાં જોઈએ. 'આપણો વારસો અમૂલ્ય છે, તેથી તેને નષ્ટ ન જ થવા દેવાય' એવો લોકમત કેળવવો જોઈએ. આપણો સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો એ આપણા દેશની અને લોકોની ઓળખનો અરીસો છે. આપણો વારસો જ આપણને ગૌરવ અર્પે છે. તેથી એ વારસાના સંરક્ષણમાં લોકોએ સહકાર આપવો જોઈએ તેમજ તેના જતનની જવાબદારી ઉઠાવવી જોઈએ. આમ, સાંસ્કૃતિક અને અતિહાસિક વારસાનું જતન થાય એ જોવાની આપણા સૌની ફરજ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :

1) ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા હકને બંધારણનો આત્મા કહ્યો છે ?

(A) સ્વતંત્રતાનો હક

(B) સમાનતાનો હક

(C) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

(D) બંધારણીય ઈલાજોનો હક

2) કોના મતે રજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના પાયા રૂપ સિદ્ધાંતો છે ?

(A) નરેન્દ્ર મોદી

(B) જવાહરલાલ નેહરુ

(C) ડો. રાજેન્દ્ર પ્રસાદ

(D) ડો. બાબાસાહેબ આંબેડકર

3) પ્રતિબંધિત અટકાયત હેઠળના આરોપીમે કેટલા સમય સુધી અટકાયત હેઠળ રાખી શકાય છે ?

(A) 24 કલાક

(B) 6 માસ

(C) 3 માસ

(D) આજીવન

4) કઈ ઉંમરનાં બાળકોને મફત અને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે ?

(A) 6 થી 14 વર્ષનાં

(B) 3 વર્ષ સુધીનાં

(C) 14 વર્ષથી ઉપરનાં

(D) 18 વર્ષનાં

5) કઈ ઉંમરનાં બાળકોને જોખમી વ્યવસાયમાં રોકી શકાય નહિ ?

(A) 14 વર્ષથી નીચેનાં

(B) 18 વર્ષથી નીચેનાં

(C) 6 થી 14 વર્ષનાં

(D) 28 વર્ષના ઉપરનાં

6) કયું આચરણ ભારતનું સામાજિક કલંક ગણાય ?

(A) અસ્પૃશ્યતા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(B) બાળમજૂરી

(C) દહેજપ્રથા

(D) વહેમ અંધશ્રદ્ધા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in